# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની અખબારી યાદી દ્વારા વિજ્ઞાન પ્રવાહની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓ/વાલીઓ/વિદ્યાર્થીઓને જણાવવાનું કે, ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું જુલાઇ-૨૦૨૧ ની પરીક્ષાનું પરિણામ તારીખ ૧૬/૦૮/૨૦૨૧ ના રોજ જાહેર કરવામાં આવેલ હતું અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું ઓગષ્ટ-૨૦૨૧ ની પરીક્ષાનું પરિણામ તારીખ ૨૬/૦૮/૨૦૨૧ ના રોજ જાહેર કરવામાં આવેલ હતું. પરિણામ બાદ ગુણચકાસણી માટેની અરજીઓ ONLINE માધ્યમથી સ્વીકારવામાં આવેલ હતી. ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહ જુલાઇ-૨૦૨૧ અને ઓગષ્ટ-૨૦૨૧ પરીક્ષાના પરિણામની ગુણ ચકાસણીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદના પ્રત્યુત્તરમાં નીચે મુજબના દસ્તાવેજ

૧)ગુણચકાસણીનો જવાબ(Reply)

૨)OMR ની નકલ

3)OMR ની ચકાસણીનો રીપોર્ટ

Online માધ્યમથી બોર્ડની વેબસાઇટ www.gseb.org અથવા sci.gseb.org પર તા.૧૩/૦૯/૨૦૨૧ થી તા. ૨૩/૦૯/૨૦૨૧ ના રોજ સાંજે ૧૭:00 કલાક સુધી Online Download કરી શકાશે. ગુણચકાસણીના જવાબો Online માધ્યમથી Download કરવા માટે આપના દ્વારા કરવામાં આવેલ અરજીની વિગત (Seat Number, Mobile Number અને પાસવર્ડ) નો ઉપયોગ કરી લોગીન કરવાનું રહેશે અને ગુણચકાસણી બાદનો જવાબ (રીપોર્ટ), OMR ની નકલ અને OMR રીપોર્ટ(લાગુ પડતુ હોય તે) ડાઉનલોડ કરવાનું રહેશે. જે વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારો છે તેઓને શાળાના સરનામે સુધારેલ ગુણપત્રક મોકલી આપવામાં આવશે.

વર્ષ-૨૦૨૦ થી ગુણચકાસણીના જવાબ ફકત Online માધ્યમથી આપવામાં આવે છે. ચાલુ વર્ષે પણ ગુણચકાસણીના જવાબ Online Download કરવાના રહેશે, ટપાલ દ્વારા મોકલી આપવાની પધ્ધતિ અમલમાં રહેશે નહી. જેની તમામ આચાર્યશ્રીઓ / વાલી-વિદ્યાર્થીએ નોંધ લેવા વિનંતી.

(જે.જી.પંડ્યા)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

તારીખ:-૧૩/૦૯/૨૦૨૧
સ્થળ :- ગાંધીનગર